નં.જમન/વશી ૮૮૩/એકત્ર/રજી.નં.૯ /૧૪
મામલતદાર કચેરી,વલસાડ.
વલસાડ. તા.૨૦/૬/૨૦૧૪

વાંચનમાં લીધું :-

(૧) અરજદારશ્રી કમલેશ રામમોહનરાય દેસાઇ વિગેરે રહે. ઓલગામ, તા.જી.વલસાડ તા.૩૦-૧-૨૦૧૪ની અરજી
(૨) મે. સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડઝ નિયામકશ્રી અમદાવાદના પરિપત્ર ક્રમાંક : એલ.આર. ૧૮૮ તા. ૨૧/૦૮/૨૦૦૩
(૩) ગુજરાત જમીન મહેસુલ નિયમ - ૧૯૭૨ના નિયમ - ૧૧ ની જોગવાઇઓ.
(૪) હેડકર્વાટર આસીસ્ટન્ટ ડિસ્ટ્રીકટ સર્વે તરફથી રજુ કરેલ ૧૦-૬-૨૦૧૪ ની નકશાની નકલ
(૫) સર્કલ ઓફિસરશ્રી વલસાડના શેરા વલસાડ/રજી.નં. ૭૮/૨૦૧૪ તા.૬-૩-૨૦૧૪ થી પુરું થતું પ્રકરણ

હુકમ :-

આમુખ (૧) અરજદારશ્રી કમલેશ રામમોહનરાય દેસાઇ વિગેરે રહે. ઓલગામ. તા.જી.વલસાડ તા.૩૦-૧-૨૦૧૪ની અરજીથી તેમની સંયુકત માલિકીની મોજેઃ મોગરાવાડી તા.જી.વલસાડની નીચે મુજબની જમીન એકત્ર કરી આપવાની માંગણી કરી છે ઉકત જમીનો હાલમાં ગામ રેકર્ડે અરજદારશ્રી કમલેશ રામમોહનરાય દેસાઇનાઓ સ્વપાર્જીત વેચાણ હકકે સંયુકતમાં જુની શરતની ખેતીની જમીનો ધારણ કરે છે.

| ક્રમ નંબર | ગામનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આ.પ્ર.આ | પો.ખ. હે.આ.પ્ર.આ | આકાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | મોગરાવાડી | ૨૫૩૯ | ૧૯૪/પૈ.૧/૧ | હે. ૦-૭૭-૮૮ ચો.મી. | - | ૩-૪૪ |
| ૨ | "એજન" | "એજન" | ૧૯૫/૧ | હે. ૦-૧૫-૧૨ ચો.મી. | - | ૪-૦૦ |
| ૩ | "એજન" | ૨૫૩૧ | ૧૯૬ | હે.૦-૧૨-૧૪ ચો.મી. | - | ૩-૬૦ |
| | | | કુલ ક્ષેત્રફળ | હે. ૧-૦૫-૧૪ ચો.મી | - | ૧૧-૦૪ |

આ કામે અરજદારશ્રીની અરજીમાં જણાવેલ બાબતે સર્કલ ઓફિસરશ્રી વલસાડ મારફત તપાસ કરાવતાં ઉપરોકત વિગતે જણાવેલી જમીનો અરજદારો સ્વપાર્જીત વેચાણ હકકે સંયુકતમાં ધારણ કરે છે. સદરહુ જમીન હાલનાં અરજદારો રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે અને હાલનાં અરજદારોનો સંયુકતમાં કબજો, ભોગવટો, ચાલી આવેલ છે. આ તમામ જમીનો સ્થળ તપાસ દરમ્યાન અરજદારનાં બતાવ્યા મુજબ આ તમામ સવાલવાળી જમીનો એક જ જથ્થામાં એકબીજાને લાગુમાં એક જ સત્તા પ્રકારવાળી સંયુકત કબજેદારોના નામે જુની શરતની ખેતીની જમીનો ચાલી આવેલી છે. પ્રશ્નવાળી જમીનમાંથી કોઇ નહેર કે જાહેર રસ્તો વિગેરે પસાર થતો નથી. સદર જમીન બાબતે અરજદારો(કબજેદારો) વચ્ચે કોઇ કોર્ટ કચેરીમાં કેસ ચાલતો નથી કે ચાલવા ઉપર બાકી નથી. ચોખ્ખા ટાઇટલવાળી જમીનો આવેલી છે. જેથી સદરહુ જમીનોનો વધુ વિકાસ કરવાના કામે એકત્ર કરી આપવા અરજદારોની રજુઆત બાબતે જમીનની એકત્ર ફી ની રકમ સરકારશ્રીમાં ભરપાઇ થયા બાદ સદરહું ખેતીની જમીનોનું જોડાણ એકત્ર કરી આપવા સર્કલ ઓફિસરશ્રી વલસાડે અભિપ્રાય આપેલ છે.

આ કામે અરજદારએ આમુખ-(૨) અને (૩) માં જણાવેલ નામદાર સરકારશ્રીની સુચના અનુસાર એકત્રીકરણ કરવાની ફીની રકમ રૂ.૨૨૫/- (બસો પચ્ચીસ) પુરા " ચલન નં. ૮૭૩/૧૪" તા.૧૨-૬-૨૦૧૪નાં રોજ "૦૦-૨૯" જમીન મહેસુલ સદરે સરકારશ્રીમાં જમા કરાવી મૂળ ચલન અત્રે રજુ કરેલ છે.

ઉપરોકત હકીકત જોતાં ગુજરાત જમીન મહેસુલ નિયમોના નિયમ-૧૧ મુજબ ઉપરોકત જમીનો નીચે જણાવેલ શરતો આધિન એકત્ર કરવા આથી હુકમ કરવામાં આવે છે.

શરતો :-

(૧) ઉપરોકત બ્લોક/સર્વે નંબર એકત્ર થયા પછી તેનો એક સ.નં./બ્લોક/નં ૧૯૪/પૈ/૧/૧ જેનું ક્ષેત્રફળ હે. ૧-૦૫-૧૪ચો.મી. આકાર રૂ. ૧૧-૦૪તરીકે ઓળખાશે.

(૨) બધા સ.નં.બ્લોક/નંબરોની વચ્ચેના હદ નિશાનો દુર કરી જમીન એકત્ર(એક જથ્થો) કરવાની રેહશે.

(૩) ગામના નં.૭/૧૨ તથા સંબંધિત રેકર્ડમાં તે અંગેનો સુધારો કરવાનો રહેશે અને ગામે તેનો અમલ કરવાનો રેહશે.

(૪) ગામના નકશામાં પણ તે મુજબ ફેરફાર કરવાનો રેહશે.

MAMLATDAR મામલતદાર VALSAD

મામલતદાર વલસાડ

પ્રતિ,
શ્રી કમલેશ રામમોહનરાય દેસાઇ વિગેરે
રહે. અબ્રામા, વલસાડ
નકલ રવાના :- તલાટી કમ મંત્રીશ્રી મોગરાવાડી, તા.જી.વલસાડ
નકલ સવિનય રવાના – ડી.આઇ.એલ.આર.શ્રી વલસાડ તરફ જાણ થવા સારૂ.
નકલ રવાના :- નાયબ મામલતદારશ્રી ઇ.ધરા શાખા વલસાડ તરફ.
૨/- સદરહુ હુકમનો અમલ રેકર્ડ રુલ્સ મુજબ કરવા સારું